
# મારાં પૂજ્ય માતુશ્રી સ્વ.શાંતાબેન પટેલની પ્રેરક જીવન ઝરમર



## સ્વ. શાંતાબેન પટેલ (અમ્મા )

મારાં માતા શાંતાબેનનો જન્મ ૧૯૧૭માં રંગુન (બર્મા)માં થયો હતો.એમના પિતા ભગવાનદાસ પટેલ એમના વતનના ગામ ધુમાસણમાંથી પિતાનો માર પડતાં ઘેરથી ભાગી જઈને કલકત્તાથી રંગુન જતી સ્ટીમરમાં બેસી ગયા હતા.રંગુનમાં આવીને એમણે શરૂમાં ખુબ મહેનત કરી અને કાળક્રમે પોતની સુઝ અને આવડતથી ત્યાંનાં ત્રણ મોટાં શહેરો રંગુન ,બસીન અને મોંડલેમાં પોતાની ભાગીદારી પેઢીઓ સ્થાપી વેપારમાં સારું કમાયા હતા અને રંગુનના  બાબુ તરીકે પંકાયેલા.મારાં માતુશ્રીનું બાળપણ અને યુવાનીના વર્ષો પિતાના વૈભવમાં ખુબ સુખ સાહબીમાં વિત્યાં

હતાં.માતાએ મને એકવાર કહેલું એ પ્રમાણે તેઓ ૬ ઘોડા જોતરેલી બગીમાં શાળામાં જતાં અને અભ્યાસ ઉપરાંત સંગીત અને નૃત્યનું પણ શિક્ષણ એમણે  પ્રાપ્ત કર્યું હતું.

મારા પિતાશ્રી રેવાભાઈ પણ રંગુનમાં આવીને મારા નાના ભગવાનદાસના ધંધાના કામકાજમાં એમની સાથે જોડાયા હતા.એ વખતના રીવાજ પ્રમાણે માતાનાં લગ્ન ૧૫ વર્ષની નાની ઉમરે થયાં હતાં.મારો જન્મ સને ૧૯૩૭માં રંગુનમાં જ થયો હતો.

આમ રંગુનમાં સારી રીતે સ્થાયી થઈને કુટુંબીજનોનું જીવન આનંદ અને સુખના માહોલમાં પસાર થઇ રહ્યું હતું એવામાં ૧૯૪૧માં બીજા વિશ્વ યુદ્ધ વખતે જાપાને બર્મા ઉપર ભારે બોમ્બમારો ચાલું કર્યો .આ ભયયુકત વાતાવરણમાં ગુજરાતીઓ જીવ બચાવવા રંગુન છોડીને જે હાથમાં આવ્યું એ હાથવગું કરીને સ્ટીમરમાં કે એ જો ન મળે તો જંગલોમાં પગે ચાલીને કલકત્તા આવી પોત પોતાના વતનમાં પહોંચી ગયાં હતાં.



સ્વ.પિતાશ્રી રેવાભાઈ શી.પટેલ      સ્વ. માતુશ્રી શાંતાબેન રે.પટેલ

મારાં માતા-પિતા અને નાના પણ મને અને ત્યાં જન્મેલી મારી એક નાની બેનને લઈને સ્થાવર મિલકતો ત્યાં જ મુકીને જીવ બચાવી અમારા વતનના ગામ ડાંગરવા કાયમ માટે રહેવા આવી ગયાં હતાં.કહેવત છે ને કે ધરતીનો છેડો પોતાનું ઘર ! ગામમાં અમારા કુટુંબનો નિર્વાહ માટેનો વ્યવસાય ખેતીવાડીનો હતો.રંગુનમાં સુખમાં ઉછરેલાં મારાં માતાએ નોકરો પાસે ઘરકામ કરાવેલું એમને અહીં ગામમાં ઘરનું તેમ જ થોડા સમય પછી ખેતરનું પણ કામકાજ જાતે કરવાનું થયું .આમ છતાં નવા જ ગ્રામ્ય વાતાવરણમાં એમની જિંદગીના પલટાયેલા સંજોગો સાથે એમણે મનથી સમાધાન કરી લીધું.એકવાર એમણે મને કહેલું કે રંગુનમાં દુધ ક્યાંથી અને કેવી રીતે આવે છે એનો કદી વિચાર પણ એમણે કર્યો ન હતો એની જગ્યાએ કુટુંબના નિર્વાહ માટે ઘરના આંગણે બે ભેંસો રાખવી પડી એટલું જ નહીં ભેંસો માટે ખેતરમાંથી ઘાસચારો તેમ જ ભાગોળે ઉકરડે છાણ નાખવા જવા જેવી અન્ય શારીરિક મહેનત પડે એવા કામકાજથી પણ ટેવાઈ જવું પડ્યું !શરૂઆતના દિવસોમાં ભેંસો દોહવાનું કે ખેતરમાં જઈને શેઢા ઉપરથી ઘાસ કાપી લાવવાનું કામ ફાવે નહીં એટલે મહોલ્લા ના લોકો રંગુનની લેડી એમ કહીને મશ્કરી કરતાં હતાં.આ બધું દુખ હસતાં મુખે સહન કરીને એમના મળતાવડા સ્વભાવની ખાસિયતથી એ થોડા વખતમાં જ ગામમાં બધાનાં પ્રીતિ પાત્ર બની ગયાં હતાં.

મારાં માતા-પિતા રંગુનથી મારે ગામ આવ્યાં ત્યારે હું ચાર વર્ષનો બાળક હતો.કમનશીબે નવા વાતાવરણમાં હું પોલીયોના વાયરસમાં સપડાયો અને બાળ લકવાથી મારો જમણો હાથ અને ડાબો પગ અશક્ત બની ગયાં.ડોક્ટરની સારવાર અને માતા પિતાની કાળજીથી હું ચાલતો તો થયો પરંતુ શારીરિક ક્ષતિ તો કાયમ રહી જ ગઈ.મારા દેખાવડા દીકરાને અચાનક આ શું થઇ ગયું અને આવી સ્થિતિમાં એનું ભવિષ્ય કેવું જશે એની ચિંતાથી મારાં માતાને દિલમાં મોટો આઘાત લાગ્યો હતો .નવા જ વાતાવરણમાં ઘર ચલાવવાની ચિંતાઓ તો હતી જ ત્યાં આ નવી માનસિક ચિંતાની એમના શરીર ઉપર અસર થઇ.એમને દમ અને હિસ્ટીરિયાનો

રોગ લાગુ પડ્યો. કોઈવાર ખેતરમાં ઘાસ લેવા ગયાં હોય ત્યારે હિસ્ટીરિયાના હુમલામાં બેભાન થઈને નીચે પડી જતાં અને ખેંચ આવતી એ સમયે કુટુંબીજનો દોડી આવી ડુંગળી  કે બાળેલું રૂં સુંઘાડીને એમને ભાનમાં લાવી ઘેર લઇ આવતાં .ઘરમાં પણ આવું અવારનવાર બનતું હતું જે જોઈને હું અને બીજાં ભાઈ-બહેનો ડઘાઈ જતાં .

મારા પિતાશ્રીને ખેતીવાડીનું કામકાજ આવડે કે ફાવે નહીં એટલે દાદા શિવદાસની સાથે ગામમાં કાપડની દુકાન સંભાળતા અને સાથે સાથે ,કાલાં  કપાસ તથા મરચાંના સીઝનલ ધંધા ભાગીદારીમાં કરતા .આમ  વસ્તારી કુટુંબનો નીભાવ સારી રીતે ચાલતો હતો.પરંતુ થોડા વરસો પછી ધંધામાં ખોટ આવી.ગામમાં ઉઘરાણી ડૂબવા લાગી.ચાર દીકરા અને ત્રણ દીકરીઓના વસ્તારી કુટુંબના ભરણ પોષણ અને સંતાનોના શિક્ષણ ખર્ચ માટે કુટુંબને મુશ્કેલીના દિવસો જોવાના આવ્યા.આવા વિપરીત સંજોગોમાં  મારાં માતા અને ત્રણ નાના દીકરાઓ અને પુત્રીઓને ગામમાં  મુકીને પિતાને એકલા અમદાવાદ નજીક આવેલ કઠવાડામાં, મેઈઝ પ્રોડક્ટ્સમાં  કારકુનની નોકરી કરવા જવું પડ્યું હતું.આવા મુશ્કેલીના સમયે હિમ્મત ગુમાવ્યા વગર મારી માતાએ ગામમાં એકલાં રહ્યાં રહ્યાં વસ્તારી કુટુંબની જવાબદારી પોતાના ખભે ઉપાડી લીધી હતી અને ખેતી તથા ભેંસોના દુધની આવકમાંથી કુટુંબનો નિર્વાહ ચલાવતાં હતાં.

મારાં માતા પોતે રંગુનમાં સુશિક્ષિત અને કેળવાયેલાં હોઈ એમણે પોતાના સંતાનોમાં ઉમદા સંસ્કારોનું સિંચન કર્યું હતું.તેઓનુ પરિશ્રમી ત્યાગપૂર્ણ જીવન એક જીવતી જાગતી સંસ્થા જેવું હતું.મારાથી નાની ત્રણે ય દીકરીઓને કાળક્રમે સાસરે વળાવી એ પહેલાં એમને રસોઈ તથા આદર્શ ગૃહિણી બનવાની બધી તાલીમ એમને પૂરી પાડી હતી.

આ સમય દરમ્યાન ,બી.કોમની પરીક્ષા પછી મને પણ કઠવાડામાં જ બીજી એક નવી સ્થાપાઈ રહેલ ફેક્ટરી સેલ્યુલોઝ પ્રોડક્ટ્સમાં જોબ મળી જતાં મારાથી ત્રણ નાના

ભાઈઓને લઈને મારાં માતા કમ્પનીએ મને રહેવા આપેલ ક્વાટર્સ જ્યાં હું અને પિતા એકલા રહેતા હતા ત્યાં અમારી સાથે રહેવા આવી ગયાં હતાં.

કઠવાડામાં આવીને એમણે ઘરની જવાબદારી ફરી ઉપાડી લીધી. મારા ત્રણ નાના ભાઈઓના હાઈસ્કુલનો અભ્યાસ સારી રીતે પુરો  કરાવવા માટે મારી અને પિતાની સાથે રહીને મોટો ફાળો આપ્યો હતો.આ પછી આ ત્રણેય ભાઈઓ કોલેજના અભ્યાસ પછી એક પછી એક અમેરિકા ગયા અને ત્યાં મહેનત કરી એન્જીનીયરીંગમાં ગ્રેજ્યુએટ થઈ કમાવા લાગ્યા હતા .



સ્વ.પત્ની હું અને ત્રણ બાળકો સાથેની સ્વ.માતુશ્રી સાથેની એક તસ્વીર-૧૯૭૩-૭૪

કુટુંબની આવકમાં વધારો થતાં,ભાડાના મકાનને બદલે ,અમદાવાદ  નારણપુરાની શંકર સોસાયટીમાં ઘરનું ઘર થતાં મારાં માતા પિતા અને અમને સૌને  ઘણાં વર્ષો પછી થોડી રાહતની લાગણી થઇ હતી.

અમેરિકા રહેતા ત્રણ દીકરાઓ આ નવા બનાવેલા બે માળના સગવડવાળા મકાનમાં એક પછી એક આવીને,લગ્ન કરી,અમેરિકા પરત જઈને પોતાના જ હાઉસમાં સારી રીતે સ્થાઈ થયા અને સારું કમાવા લાગ્યા .ઘણા વરસો સંઘર્ષ કર્યા પછી એમનાં સંતાનોને સુખી અને સ્થાયી થયેલાં જોઇને મારાં માતા-પિતાના અંતરમાં ખુબ જ આનંદ અને સંતોષની લાગણી થઇ હતી.સને ૧૯૮૧-૮૨માં અમેરિકા રહેતા દીકરાઓએ મારાં માતા-પિતાને ગ્રીન કાર્ડ ઉપર અમેરિકા એમની સાથે રહેવા અને ફરવા બોલાવેલાં.તેઓ ત્યાં એમની સાથે એક વર્ષ રહ્યાં અને બધાંને મળી,બધું ફરીને જોઈને સંતોષ સાથે પરત અમદાવાદ આવી ગયાં હતાં.

૧૯૬૨ના ઓગસ્ટની ૧૨મી તારીખે ૨૫ વર્ષની ઉમરે જ્યારે મારાં લગ્ન લેવાયાં એ દિવસ એમના જીવનની ખુશીનો સોનેરી દિવસ હતો.એમણે મારાં ધર્મપત્ની કુસુમ પ્રત્યે એક પુત્રી કરતાં ય વિશેષ હેતભાવ દર્શાવીને એક આદર્શ સાસુ કોને કહેવાય એ સાબિત કરી બતાવ્યું હતું.અમારાં ત્રણેય બાળકોને પણ દાદા-દાદીનો નિસ્વાર્થ પ્રેમ મળ્યો હતો અને એમના સંસ્કારપૂર્ણ ઉછેર અને શિક્ષણ માટે અમ દંપતીને એમણે આપેલ સહકાર અને પ્રેમ જીવનભર ભૂલાય એમ નથી.

અમેરિકા રહેતા ત્રણ દીકરાઓ પણ નારણપુરાના નિવાસ સ્થાને એમનાં બાળકો સાથે એક પછી એક મળવા માટે આવતાં ત્યારે માતાના પ્રેમનો તેઓ પણ અનુભવ કરતા અને એ વખતે કુટુંબમાં આનંદનો માહોલ છવાઈ જતો.કાળક્રમે મારાં ત્રણેય સંતાનો- બે દીકરા અને દીકરીને એમના ઉજળા ભવિષ્ય માટે અમે એમને કપાતા દિલે વિદાય કર્યાં હતાં.અમેરિકામાં આવી ત્રણેય સંતાનોએ કોલેજનો અભ્યાસ પુરો કરી ધીરે ધીરે સારી રીતે સેટ થયાં .હાલ એમના પરિવાર સાથે આજે સૌ સુખી છે એ નજરે નિહાળવા માટે એમની પ્રિય માતા કે દાદા-દાદી(અમ્મા)આજે હયાત નથી એ મારા જીવનની એક મોટી કમનશીબી  છે.ભગવાન સુખનો પ્યાલો કોઈનો કદી ય પુરેપુરો ભરતો નથી,જો ભરે તો પછી એને કોઈ યાદ કરે ખરું કે ?

મારાં ધર્મ પત્ની કુસુમ સને ૧૯૯૦-૯૧મા કમનશીબે સ્ટ્રોકને લીધે લકવા ગ્રસ્ત બની લગભગ બે વર્ષ અર્ધ-કોમામાં પથારીવશ રહ્યાં હતાં. એ દુખદ સમયે એમની ૨૪ કલાકની સેવા-ચાકરી માટે ઘરમાં એક નર્સ બેન રાખેલાં.પરંતુ એ નર્સ બેનની સાથે રહી મારાં બીમાર ધર્મ પત્નીની એક પુત્રીની જેમ ખડે પગે સંભાળ રાખીને મારાં સ્વ.માતા-પિતાએ મને જે મોરલ સપોર્ટ આપ્યો હતો એ કેમે કરીને ભૂલી શકાય એમ નથી.

લાંબી માંદગી ભોગવ્યા પછી અપ્રિલ ૧૯૯૨માં મારાં ધર્મપત્ની કુસુમના દુખદ અવસાનથી માતાને ખુબ જ આઘાતની લાગણી થઇ હતી.ત્યારબાદ મારાં અને એમનાં બધાં સંતાનો અમેરિકામાં સ્થાઈ થઇ ગયાં હોઈ,૧૯૯૪માં મારી જોબમાંથી થોડી વહેલી નિવૃત્તિ લઈને ૫૮ વર્ષની ઉમરે હું મારાં માતા-પિતા સાથે કાયમ માટે અમેરિકામાં પરિવારજનો સાથે રહેવા માટે આવી ગયાં હતાં.

મારાં માતુશ્રી ખુબ જ ઈશ્વર પરાયણ હતાં.પ્રભુ ભક્તિ અને ઈશ્વર કૃપા પર ખુબ જ આસ્થા રાખતાં હતાં.એમના સુરીલા સ્વરે ભજનો ગાતાં અને સોસાયટીની મહીલાઓના રાધા મંડળમાં ભજનો ગવડાવતાં.એમની રસોઈના સ્વાદને બધાં હજુ પણ બધાં યાદ કરે છે.અમેરિકામાં એમનાં સાતે ય સંતાનો-ચાર દીકરા અને ત્રણ દીકરીઓ અને એમના પરિવારને અમેરિકામાં ઠરીઠામ અને સુખી થયેલાં જોઈ તેઓ કોઈવાર સંતોષની લાગણી સાથે મને કહેતાં હતાં કે મારા વ્હાલા ભગવાને મારી અનેક કસોટીઓ કર્યા પછી મને સંતાનોની લીલીવાડી જોવાનું સદભાગ્ય આપ્યું છે એ એની અનન્ય કૃપા છે.પ્રભુ મને હવે ગમે ત્યારે તેડી જાય તો પણ મને એનો કોઈ અફસોસ નથી.

ત્યારબાદ,૧૯૯૫ના નવેમ્બરમાં હું તથા મારાં માતા-પિતા વતનની યાદ આવતાં અમેરિકાથી થોડા મહિના માટે અમદાવાદ અમારા નારણપુરાના નિવાસ સ્થાને રહેવા આવ્યાં હતાં.અમદાવાદ આવ્યાના એક મહિના પછી એકાએક એમને હ્રદયરોગનો

હુમલો આવતાં ,ડિસેમ્બર ૬,૧૯૯૫ની એક સવારે, ડો.નાથુંભાઈના હાર્ટ ક્લીનીકમાં,એમની ૭૮ વર્ષની ઉમરે અમને સૌને રડતાં મુકીને કાયમને માટે કોઇપણ જાતની તકલીફ વેઠ્યા વગર સ્વર્ગે સિધાવ્યાં હતાં.જીવનમાં એમણે શરીરની ઘણી વ્યાધિઓ ભોગવી હતી અને ઘણીવાર હોસ્પીટલમાં ગમ્ભીર માંદગી પછી પણ ઊંચા મનોબળને લીધે સાજાં થઇ ફરી પાછાં કામે લાગી જતાં.પરંતુ ,એમની છેલ્લી ઘડીએ મેં સામે ધરી રાખેલ સ્વામીનારાયણ ભગવાનના ફોટા સામે નજર રાખીને પ્રભુ સ્મરણ કરતાં કરતાં કોઈ પણ તકલીફ વિના એમના નામને અનુરૂપ શાંતિ અને સંતોષપૂર્વક મારી નજર સામે એમના છેલ્લા શ્વાસ છોડ્યા હતા.

આમ મારા જન્મથી માંડી એમના  મરણની છેલ્લી ઘડી સુધી તેઓએ મારી સાથેનો એમનો પ્રેમાળ નાતો જાળવ્યો હતો, એ ભૂલાય એમ નથી.

આમ મારી માતાના જીવનની યાત્રા રંગુનમાં જન્મ સાથે પિતાના વૈભવ વચ્ચે શરુ થઇ અને આ યાત્રાનો છેલ્લો પડાવ અમેરિકામાં આવીને સંતાનો અને એમનાં પરિવાર જનોને સુખી થયેલાં જોઈને અમદાવાદમાં પૂરો થયો.જીવનના આ બન્ને છેડાઓ વચ્ચે કભી ખુશી, કભી ગમના કેટકેટલા બનાવો બની ગયા ! કેટલી આર્થિક,શારીરિક અને માનસિક તકલીફો એમણે વેઠી એ બધું, એમની સાથે રહીને કરેલી આજ સુધીની  ઉતાર ચડાવ વાળી મારી ૭૯ વર્ષની સફર દરમ્યાન મેં નજરે જોયું અને અનુભવ્યું પણ છે.મારા બાલ્યકાળથી હું જેનો હું સાક્ષી રહ્યો છું અને મારા સ્મૃતિ પટ પર હજુ પણ એવા જ તાજા છે એવા મારાં માતાના જીવન સાથે સંકળાયેલ અનેક પ્રસંગો અંગે જો લખવા બેસું તો એક રસદાયક નવલકથા જેવું પુસ્તક થઇ જાય એમ છે!

મારા જીવન ઉપર માતા-પિતાએ બતાવેલ મમતા,પ્રેમ, ત્યાગ ,મનોબળ અને એમના ઉચ્ચ સંસ્કારોના અમર વારસાની ઊંડી અસર સદા પ્રવર્તે છે એમ હું દ્રઢ પણે માનું છું.મનુષ્યના જીવનમાં મા-બાપનો આર્થિક વારસો ભલે નાનો મોટો હોય પરંતુ

તેઓએ આપેલ સંસ્કારો અને સદગુણોનો વારસો મોટું કામ કરી જતો હોય છે.આ વારસાની કિંમત રૂપિયામાં કે ડોલરમાં થઇ ન શકે એવી મૂલ્યવાન હોય છે.

આ કર્તવ્યનિષ્ઠ,સહનશીલ, મમતામયી અને કરુણામયી મારી માતા સ્વ.શાંતાબેન-અમ્માને અને ઉપર જણાવેલ ધૂપ-છાંવ મિશ્રિત એમની જીવન ઝરમર અને એમના અમારા સૌ ઉપરના એમના અનેક ઉપકારોને હું દરેક મધર્સ ડે વખતે સદા યાદ કરતો હોઉં છું.

મારા કમ્પ્યુટરમાં હું આ લેખના શબ્દો પાડી રહ્યો છું એ વખતે મારી સામે ભીંતે લટકાવેલી મારી પ્રેમાળ માતાની સ્મિત વેરતી તસ્વીર સામે નજર કરતાં મને એવું લાગી રહ્યું છે કે જાણે મારા ઉપર તેઓ હજુ પણ આશીર્વાદની વર્ષા ન કરી રહ્યાં હોય !

એમની તસ્વીર  નીરખતાં નીરખતાં મારા હૃદયમનમાંથી પેલા ફિલ્મી ગીતના શબ્દો સહસા સરી પડે છે."અય મા ,તેરી સુરત સે અલગ, ભગવાનકી સુરત ક્યા હોગી."

"માતૃ વંદના"નામના મારા નીચેના સ્વ-રચિત કાવ્ય દ્વારા એમને શ્રધાંજલિ આપું છું.

## માતૃવંદના... અછાંદસ રચના

ઓ મા સદેહે હાજર નથી એ કેમે કરી મનાય ના,

સ્મરણો તમારાં અગણિત છે,જે કદી ભૂલાય ના.

કોઈની પણ મા મરશો નહી એવું જગે  કહેવાય છે,

જીવનસ્ત્રોત માના વિયોગની ખોટ સદા વર્તાય છે.

માનવીના હોઠ પર સુંદર શબ્દ જો હોય તો તે મા,

વરસાદ કરતાં ય પ્રેમે ભીંજવતો સાદ હોય એ મા.

સ્મિત કરતી તસ્વીર ભીંતે પૂજ્યભાવે નીરખી રહ્યો,

ભૂલી સૌ વિયોગ દુખ તવ મુક આશિષ માણી રહ્યો.

ભજન,ભક્તિ વાચન અને યાદ આવે એ રસોઈકળા,

ખુબ પરિશ્રમી હતી તમારી રોજે રોજની દિનચર્યા.

કર્તવ્ય પંથે અટલ રહીને,સૌની ચિંતાઓ માથે લઇ,

અપૂર્વ ધીરજ બેશબ્દ રહીને વેદનાઓ સહેતી રહ્યાં.

પડકારો ભર્યા કાંટાળા રાહે માંડી ચરણો ખુબ ધૈર્યથી,

ગુલાબો ખીલવી ગયાં ,અમારા જીવન પંથમાં પ્રેમથી.

ચંદન સમું જીવન તમારું ઘસાયું હતું કાળ પથ્થરે,

લેપ હ્રદયમાં કરી એનો, સુગંધ માણી રહ્યાં છીએ અમે.

પ્રેમ,નમ્રતા,કરુણા અને પ્રભુમય જીવનને હું વંદી રહ્યો,

દીધેલ સૌ સંસ્કાર બળે આજ ખુમારી સાથે જીવી રહ્યો.

શબ્દો ખરે જ ઓછા પડે ગણવા ઉપકારો મા-બાપના,

છતાં અલ્પ આ શબ્દો થકી માતા, કરું હ્રદયથી વંદના.

વિનોદ પટેલ